# ગુજરાતમાં ખાનગી કોલેજોને યુનિવર્સિટીનો દરજ્જો અપાશે

(પ્રતિનિધિદ્વારા) વડોદરા, શુક્રવાર

રાજય સરકાર ટૂંકમાં ખાનગી કોલેજોને યુનિવર્સિટીમાં પરિવર્તિત કરવા માટેનો માર્ગ કરી આપતો ખરડો પસાર કરશે. આમ થતાં ગુજરાતી વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણની તક અનેક ગણી વધી જશે.

## ખાનગી કોલેજોના વિદ્યાર્થીઓ ફી માફીની યોજનાનો લાભ ઉઠાવે

અમદાવાદ સ્થિત ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પ્રો.એમ.એન.પટેલે આજે અત્રે આમ જણાવીને જો કે કટાક્ષ કર્યો હતો કે સેલ્ફ ફાઇનાન્સ્ડ તરીકે ઓળખાતી ખાનગી કોલેજો હકીકતમાં સ્ટુડન્ટ ફાઇનાન્સ્ડ છે. આવી કોલેજોની મેનેજમેન્ટનું ઝાઝુ યોગદાન હોતુ નથી. એ માત્ર એનો વહીવટ કરે છે.

એમણે ખાનગી કોલેજોમાંથી બહાર પડતા સ્નાતકોની રોજગારી ઓછી હોવા બાબત ચિંતા વ્યકત કરી વિદ્યાર્થીઓને ઉદ્યોગોને સાનુકૂળ સઘન તાલીમ પૂરી પાડવા અનુરોધ કર્યો છે.

પ્રો. પટેલ, આજે અત્રેના પારુલ આરોગ્ય સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત પારુલ ઈન્સ્ટિટ્યુટ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી ખાતે ૨૧મી સદીમાં ઉભરતું ટેકનોલોજી- દ્રશ્ય વિષે યોજાયેલી બે દિવસીય રાષ્ટ્રીય પરિષદના ઉદ્દઘાટન - સત્રમાં આજના ઉચ્ચતર શિક્ષણક્ષેત્રે પ્રવર્તતી વાસ્તવિકતાનું ચિત્ર દોરી રહ્યા હતા.

પ્રો. એમ.એન. પટેલે શિક્ષણક્ષેત્રે પરિવર્તનને અપનાવવાનો અનુરોધ કરી અધ્યાપકોને તાલીમ પૂરી પાડવા પર ભાર મૂક્યો છે. એમણે કહ્યું કે શિક્ષણ સંસ્થામાં ટીચીંગનં નહિ, પરંતુ લર્નીંગનું વાતાવરણ હોવું જોઈએ. એમણે કોલેજોમાં અમલી બની રહેલી મેનેજમેન્ટ ઈન્ફર્મેશન સિસ્ટમનો ખ્યાલ આપી સમજાવ્યું કે દરેક વિદ્યાર્થીની તમામ વિગતો આ સિસ્ટમમાં ફીડ કરવાથી કાર્યમાં ઘણી સુગમતા રહે છે.

પ્રો. પટેલે ખાનગી કોલેજોના તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્યુશન ફી માફ યોજનાનો લાભ લેવા જાગૃતિ કેળવવા સૂચવ્યું છે. બે દિવસની રાષ્ટ્રીય આ પરિષદમાં ૪૦ થી વધુ વિષય નિષ્ણાતો હાજરી આપી રહ્યા છે. દેશમાં મુંબઈ, પૂણે, રૂરકી, હૈદ્રાબાદ, કાનપુર, ગાંધીનગર અને વલ્લભવિદ્યાનગરથી આવેલા અંદાજે ૨૦૦ પ્રાધ્યાપકો સંશોધનક્ષેત્રે મહત્વના મુખ્ય છ વિષયો બાબત કાર્યક્રમમાં વિચારવિમર્સ કરી રહ્યા છે.